

હાઈમાસ્ક ટાવરથી ચ-૨ સર્કલ ઝળઝળી ઉઠ્યુ : ગાંધીનગરના ચ-૨ સર્કલ પર હાઈમાસ્ક લગાવવામાં આવ્યો છે. છેલ્લા કેટલાય સમયથી અંધકારનો સામનો કરી રહેલ સર્કલ પર ઓજસ પાથરવામાં આવ્યો છે. નવરાત્રિ આંગળીના વેઢે ગણી શકાય તેટલા દિવસ બાકી છે, ત્યારે આ પ્રકાશ આશીર્વાદરૂપ સાબિત થશે. ઉજાસમય હાઈમાસ્ક ટાવરથી સર્કલ પણ ઝળહળી ઉઠ્યું છે.

# બોરીજમાં નવો બોર બનાવાશે

## પાણીનો પોકાર ડામવા શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાં બોરનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૨

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર નાથવા જરુરી ઠેકાણે બોર બનાવવાની માંગ પ્રબળ બની છે. બોરીજમાં પાણીની સમસ્યા ડામવા તંત્ર કક્ષાએથી નવો બોર બનાવાશે જયારે અન્ય ગામોની રજૂઆત સંદર્ભે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં દાયકાઓના અંતે માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ ન થઈ હોવાથી છાશવારે સમસ્યાઓ ઉદભવે છે. એકબાજુ સી.સી. રોડનું કામ પણ હજુ ગામ બહારના રસ્તાઓમાં પૂર્ણ થઈ શક્યું નથી. જયારે સમયાંતરે પાણીની પોકાર પણ ઉઠતી રહે છે. શહેરી વિસ્તારના ગામોમાં ઉનાળાની ગરમી દરમિયાન પાણીનો પ્રશ્ન પેચીદો બને છે જયારે બોરીજ ગામમાં પણ કેટલાક વિસ્તારમાં પાણી ન આવતું હોવાનો કકળાટ ઉઠવા પામ્યો હતો. ગ્રામજનોએ આ મામલે નવો બોર બનાવવા તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી જયારે નવો બોર બનાવવાના મામલે વિભાગે દરખાસ્તને મંજુરી આપી દેતા બોરીજમાં પાણીનો પ્રશ્ન હલ કરવા ટૂંકમાં બોર બનાવાશે. નવો બોર બનાવવા માટે રૂ. ૪ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા સહીતના ગામોમાં પણ પાણીની સમસ્યા ઉદભવતી રહે છે. ટોપોગ્રાફીના લીધે જટીલ બનતા પાણી ગટરના પ્રશ્નો નિવારવા પણ ગ્રામજનોએ પ્રબળ માંગ કરી છે.

# સે. ૨૧માં ફેન્સીંગ પાછળના દબાણો તંત્ર દ્વારા હટાવાયા

## સે. ૨૧માં પ્રવેશતા માર્ગની બન્ને બાજુએ દબાણો અસ્તિત્વમાં આવ્યા હતા

ગાંધીનગર, તા. ૨૨

શહેરને સ્વચ્છ, રળિયામણુ અને દબાણમુક્ત બનાવવાની સોહામણી વાતો વચ્ચે હાલ તંત્ર દ્વારા લારી-ગલ્લા અને પાથરણાના દબાણો દૂર કરવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. સે. ૨૧માં જવા માર્ગની બન્ને બાજુએ ફેન્સીંગની અંદર ઉભા થયેલા દબાણો દૂર કરવા આજે તંત્રએ કામગીરી હાથ ધરી હતી. પાટનગર યોજના વિભાગની ટીમે સંયુક્ત રીતે દરખાસ્તો દૂર કરાવ્યા હતા.

શહેરમાં સેક્ટરે-સેક્ટરે ઉભા થતા ઉકરડાઓની સાથે નાના-મોટા દબાણો પણ અનેક રીતે સમસ્યારૂપ બન્યા છે. દબાણોના લીધે ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ પણ આમનાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. રહેણાંક વિસ્તારની આસપાસ તેમજ કોમર્શિયલ કોમ્પલેક્ષો નજીક દિનપ્રતિદિન વધતા દબાણોના લીધે પાર્કીંગનો પ્રશ્ન પણ વધુ પીડાકારક બન્યો છે. નગરના લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ ઉપર પણ દબાણો અસ્તિત્વમાં આવતા સરકારના ખર્ચ પર પાણીઢોળ થઈ ગયુ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. શહેરને ગંદકી અને દબાણની સમસ્યામાંથી ઉગારવા છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેશન પણ વધુ જાગૃત બન્યુ હોવાથી શહેરમાં સ્વચ્છતા હાથ ધરવા અને દબાણ દૂર હટાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# ઉમા ભારતીએ આનંદીબેન સાથે નદીઓના શુદ્ધિકરણ અંગે ચર્ચા કરી

ગાંધીનગર, તા.૨૨

નદીઓના શુધ્ધીકરણ અંગે મંત્રી ઉમા ભારતીએ આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટનો કેન્દ્રના જળ સંશાધન મંત્રાલય દ્વારા અભ્યાસ કરવામાં આવશે અને પવિત્ર ગંગા નદીને પણ સાબરમતી ની જેમ નિર્મળ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતની સરસ્વતી નદીના રૂટ શોધવામાં કેન્દ્ર સરકાર ગુજરાતને પૂરે પૂરી મદદ કરશે.



ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય મંત્રી ઉમા ભારતીએ સરસ્વતી નદીની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સાબરમતી રીવરફ્રન્ટની પણ મુલાકાત લઈને રીવરફ્રન્ટ અંગેની વિગતો અધિકારીઓ પાસેથી મેળવી હોવાનું જાણવા મળે છે.

કેન્દ્રના જળ સંશાધન મંત્રી ઉમા ભારતીએ આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાથે ચર્ચા કરી હતી.

ગુજરાતના એક દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રના જળસંશાધન પટેલની મુલાકાત લઈને બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે સરસ્વતી નદી તેમજ સાબરમતી રીવરફ્રન્ટ અંગે ચર્ચાઓ કરી હતી.

મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ પત્રકારો સાથેની અનૈપચારીક

# નગરમાં વિશાળ પ્રવેશદ્વારોથી નવરાત્રિનો માહોલ બની રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૨

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

ગાંધીનગરમાં નવરાત્રિના શેરી-ગરબા જેટલા લોકપ્રિય છે તેટલા જ મોટા પાર્ટીપ્લોટમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત કરાતા ગરબા પણ સમગ્ર જિલ્લા સહિત અમદાવાદના પણ ખેલૈયાઓની પસંદગીમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. ચાલુ વર્ષે અમદાવાદમાં પાર્ટીપ્લોટ્સમાં થતા ગરબાના આયોજનોની સંખ્યામાં ઘટાડો થયો હોવાથી ગાંધીનગરમાં યોજાતા આ સંસ્થાકીય ગરબા મહોત્સવોમાં ભીડ ઉમટી પડે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. હાલમાં આ ગરબાના આયોજકો ખૂબ મોટા મોટા પ્રવેશદ્વાર અને આકર્ષક સુવિધાઓની તૈયારીઓને આખરી ઓપ આપવા કમર કસી રહ્યો છે.

ગાંધીનગરમાં વર્ષોથી કલ્ચરલ ફોરમ દ્વારા ગરબાનું આયોજન



(તસવીર : કશ્યપ નિમાવત)

કરવામાં આવે છે. આ ગરબામાં આઠમા નોરતે યોજાતી મહાઆરતી છેલ્લા ત્રણેક વર્ષથી રાજ્યના મુખ્ય માધ્યમોમાં મથાળે ચમકી રહી છે. કલ્ચરલ ફોરમના ગરબા જોવા અને તેમાં ગરબે ઘુમવા ગાંધીનગર જિલ્લા ઉપરાંત હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, દહેગામ, વિજાપુર, માણસા, કલોલ અને અમદાવાદથી ગરબા શોખીનો પરિવાર સહિત અથવા મિત્ર ગૃપ સાથે આવે છે.

કલ્ચરલ ફોરમ ઉપરાંત નગરમાં લાયન્સ કલબ દ્વારા અને થનગનાટ ગૃપ દ્વારા પણ ખૂબ મોટુ અને સુંદર આયોજન કરવામાં આવે છે અને આ

● અનુસંધાન પાન-૭ પર

# બળાત્કાર કેસના આરોપીને ૭ વર્ષની કેદ ૫૦ હજારનું વળતર ચુકવવા આદેશ

## આરોપીએ કીશોરી પર બળાત્કાર ગુજારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી

ગાંધીનગર, તા.૨૨

કીશોરી પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની કેદની સજા ઉપરાંત ભોગ બનનારને ૫૦ હજારનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૨૦ મે વર્ષ ૨૦૧૩ના રોજ ભોગ બનનાર કીશોરીના માતા પિતા લીંબોદરા ગામે લોકાચાર અર્થે ગયા હતા આ દરમિયાન બપોરે ૧૨.૩૦ કલાકે કીશોરીની ઘરના પાછળના ભાગમાં રહેતો આરોપી ચેતનસિંહ અનોપસિંહ ઠાકોર એકલતાનો લાભ લઈ તેણીના ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ આરોપીએ કીશોરી પર બળાત્કાર ગુજાર્યો હતો. જયારે આ અંગે કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે ભોગ બનનાર કીશોરીના માતા પિતાએ રખિયાલ પોલીસ મથકે ફરિયાદ કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી આ કેસ ગાંધીનગરની એડીશનલ સેશન્સ

● અનુસંધાન પાન-૭ પર

# પડતર પ્રશ્નો અંગે અધ્યાપક મંડળે શિક્ષણમંત્રી સમક્ષ રજુઆત કરી

ગાંધીનગર, તા. ૨૨

અધ્યાપકોના પડતર પ્રશ્નો અંગે આજે અધ્યાપક મંડળે રાજ્યના શિક્ષણમંત્રીને મળીને રજુઆત કરી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પડતર પ્રશ્નો અંગે આજે અધ્યાપક મંડળના હોદ્દેદારોએ રાજ્યના શિક્ષણ મંત્રીને મળ્યા હતા. અને અધ્યાપકોના પડતર પ્રશ્નોની રજુઆત કરીને તેના ઉકેલ માટે ચર્ચા કરી હતી.

આ ઉપરાંત છઠ્ઠા પગાર પંચના બાકી ૬૦ ટકા એરીયર્સના નાણા ચૂકવવા માટે પણ અધ્યાપક મંડળે શિક્ષણ મંત્રી સમક્ષ રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

# રાજકોટ પેટા ચૂંટણીમાં એન.સી.પી. ઉમેદવારનો મેદાનમાં ઉતારશે

ગાંધીનગર, તા. ૨૨

એન.સી.પી.એ રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણીમાં ઉમેદવાર ઉભો રાખવાનો નિર્ણય કરતાં કોંગ્રેસ માટે કપરા ચઢાણ થયા છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં બેઠકોની ફાળવણીને લઈને કોંગ્રેસ એન.સી.પી. ગઠબંધન તુટવાને આરે આવીને ઉભું છે અને તેની સીધી અસર ગુજરાતમાં જોવા મળી રહી છે.

ગુજરાતમાં રાજકોટ પશ્ચિમની વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાનાર છે. આ પેટા ચૂંટણીમાં એન.સી.પી.એ પણ ઝંપલાવ્યું છે. અને ઉમેદવાર પસંદગી કરવા ત્રણ નામના પેનલ પણ તૈયાર કરી દીધી છે.

જો એન.સી.પી. આ પેટા ચૂંટણીમાં ઉમેદવાર ઉભો રાખે તો ત્રીપાંખીયો જંગ થાય અને તેમાં સીધો જ ફાયદો ભાજપને મળે તેમ છે. એન.સી.પી. એ ઉમેદવાર ઉભો રાખવાનો નિર્ણય કરતાં કોંગ્રેસ માટે આ બેઠક પર કપરા ચઢાણ સાબીત થશે.

# જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં ‘પનઘટ’ બિનહરીફ

## પ્રાચીન અર્વાચીન ગરબા અને રાસ માટે એક જ સંસ્થાની એન્ટ્રી આવી ! રાસમાં સુંદરમ્ ગૃપ બિન હરિફ

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા કક્ષાની રાસ ગરબા સ્પર્ધામાં પ્રાચીન અને અર્વાચીન ગરબા તેમજ રાસમાં માત્ર એક જ કલા સંસ્થાની એન્ટ્રી આવતા આ સંસ્થાઓને બિનહરિફ વિજેતા જાહેર કરી દેવાઈ છે. જ્યારે આ ત્રણેય સંસ્થાઓ આગામી ૨૯ સપ્ટેમ્બરે યોજાનારી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. છેલ્લા બે-ત્રણ વર્ષથી જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાના આયોજનમાં નિરસતા અને અવ્યવસ્થા પ્રવર્તતી હોવાથી કલાસંસ્થાઓને પણ પ્રોત્સાહન બળ ન મળતુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

ગાંધીનગરમાં દર વર્ષે યોજાતી જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા આ વખતે સ્ટેજ સુધી પણ પહોંચી શકી નથી. અલબત્ત સ્પર્ધાને અનુલક્ષી પ્રાચીન અને અર્વાચીન ગરબા ઉપરાંત રાસ માટે માત્ર એક જ સંસ્થાની એન્ટ્રી આવતા પ્રાચીન-અર્વાચીન ગરબામાં પનઘટ કલા કેન્દ્ર અને રાસમાં સુંદરમ્ ગૃપને વિજેતા જાહેર કરી દેવાયા છે. જિલ્લા રમતગમત અધિકારી સોનલ ચાવડાના જણાવ્યા મુજબ સ્પર્ધા માટે સંસ્થાઓની એન્ટ્રીને અનુલક્ષી નિયત સમય પણ લંબાવાતો હતો આમ છતા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી એક થી વધુ એન્ટ્રી ન આવતા જિલ્લાકક્ષાની આ સ્પર્ધા અન્વયે બિનહરીફ વિજેતા બનેલા ગૃપને હવે રાજ્યકક્ષાએ આગળ જવાનું રહેશે. જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધાને લઈ યોગ્ય આયોજન અને ઉત્સાહનો અભાવ વર્તાતા કલાસંસ્થાઓને પણ જરૂરી પ્રોત્સાહન મળતુ નથી. જેના પરિણામે કલાકારો આ સ્પર્ધાથી વિમુખ બન્યા હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે.

# કેસરી રંગની સાયકલથી ગરીબાઈની ઓળખ છતી થતાં લાભાર્થીઓમાં સંકોચ

## સામાજીક અને કુટુંબી મેળાવડા, ધાર્મિક પ્રસંગે, શુભ પ્રસંગે તથા અન્ય સ્થળોએ કેશરી રંગની સાઈકલ લઈને જવાનું ટાળતા લાભાર્થીઓ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૨૨

રાજયમાં ગરીબ કલ્યાણ મેળાના સફળ આયોજનો થઈ રહ્યા છે. વહીવટી તંત્ર લાભાર્થીઓની યાદી બનાવી સહાય ચુકવવા માટેની કવાયત હાથ ધરે છે. જેમાં કેટલાક લાભાર્થીઓને કેશરી રંગની સાયકલ અપાય છે. આ કેશરી રંગ એ લાભાર્થી ગરીબ હોવાની ઓળખ બની જતાં લાભાર્થીઓમાં સંકોચ પેદા થયો છે. સામાજમાં પોતે ગરીબ હોવાનો ભેદ ઉભો થતાં સાઈકલ લઈ જાહેર સ્થળોએ જવાનું લાભાર્થીઓ ટાળી રહ્યા છે. જેથી ગરીબ કલ્યાણ મેળામાં અપાતી સાઈકલ કંપની કલરની જ રાખવા લાભાર્થીઓમાં માંગ ઉઠી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા માતૃશ્રી **મર્હુમ હજીયાણી જેનબબીબી શરીફખાન પઠાણ** તા. ૨૧/૯/૨૦૧૪ના રોજ જન્નતનશીન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૩/૯/૨૦૧૪ના રોજ સાંજે ૫-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન: પ્લોટ નં. ૨૩૮/૨, સેક્ટર-૪એ, ગાંધીનગર, મો.:૯૮૭૯૦૧૭૮૬૯

લી.

**મહેબુબખાન શરીફખાન પઠાણ**
**(સરદાર સરોવર નર્મદા નિગમ લી.)**


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧



**જોઈએ છે**
ગુજરાતી સ્ટેનોના અનુભવી જોઈએ છે
સંપર્ક : ૭૩૫૯ ૨૮૧૫ ૮૮
ફોન : ૨૩૨૧૦૯૪૫


## વોક ઈન ઈન્ટરવ્યુ

એન.આર.એચ.એમ. અંતર્ગત કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર ખાતે હેલ્થ સુપરવાઈઝર, એફ.એચ.ડબલ્યુ. અને પટાવાળાની જગ્યાઓ ભરવાની થાય છે.

| લાયકાત તથા અનુભવ | હેલ્થ સુપરવાઈઝર | એન.એન.એમ./ | પટાવાળા એફ.એચ.ડબલ્યુ |
|---|---|---|---|
| શૈક્ષણિક | બી.એસ.સી. (નર્સીંગ) સાથેનો એક વર્ષનો અનુભવ અથવા જી.એન.એમ.નો બે વર્ષનો અનુભવ અથવા એ.એન.એમ./એફ.એચ.ડબલ્યુ નો ૩ વર્ષનો અનુભવ બેઝીક કોમ્પ્યુટરનો કોર્ષ કરેલ હોવો જોઈએ. માત્ર મહિલા માટે | ગુજરાત નર્સીંગ કાઉન્સીલ રજીસ્ટ્રેશન માન્યતા ધરાવતી સંસ્થામાંથી બેઝીક એફ.એચ.ડબલ્યુ. અથવા એ.એન.એમ. કરેલ હોવું જોઈએ. બેઝીક કોમ્પ્યુટરનો કોર્ષ કરેલ હોવો જોઈએ. માત્ર મહિલા માટે | સરકાર માન્ય સંસ્થામાંથી ધોરણ-૧૦ પાસ |
| વય મર્યાદા | ૪૫ વર્ષથી નીચે | ૪૫ વર્ષથી નીચે | ૫૮ વર્ષથી નીચે |
| માસિક ફિક્સ વેતન | ૧૨,૦૦૦/- | ૮,૫૦૦/- | ૪,૫૦૦/- |
| ભરવાની | ૧ (અર્બન હેલ્થ સેન્ટર) | ૧ (અર્બન હેલ્થ સેન્ટર) | ૧ (અર્બન હેલ્થ સેન્ટર) |

● **ઈન્ટરવ્યુની તારીખ : ૨૯/૯/૨૦૧૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. સભાખંડ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, એમ.એસ. બિલ્ડીંગ, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

**માહિતી/૧૨૬૮/૨૦૧૪-૧૫**

સહી/-
મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ
ગાંધીનગર મહાનગરપાલિકા


Y.A. MANSURI M. : 9824049503
SANJAY S. SHAH P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
Dr. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com